સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

આવી હેડલીને હેડકી અને માફી થઈ ગઈ!
'એન્કાઉન્ટર'વાળાને રાહત કાફી થઈ ગઈ!
ગોઠવાયું ઘી, ઘી ના ઠામમાં ઈસરત કેસનું -
થઈ ગયો હિસાબ, ખાતાવહી સાફી થઈ ગઈ!
(અમિત શાહને 'મહેનત' ફળી...)

હાઈકુ

માંયના માંય
લડે સંસદે, બાકી -
એકના એક...
(પવાર જન્મદિન ઉજવણી)

નાક લોઢાંનું
કવચ કાચબાનું -
પીઠ ભેંસની...
(નેતાજીના લક્ષણો)

ચિંતન

સાધુ જન બહુલો દેશઃ ॥

ચાણક્ય 'નીતિશાસ્ત્ર'નું આ સૂત્ર છે :

'જે દેશમાં બુદ્ધિમાન-સજ્જન-સાધુજનોનું બાહુલ્ય હોય- બહુમતિ હોય એ જ દેશ સાચો દેશ છે ત્યા જ વસવાટ કરવો.'

ચાણક્યએ બુદ્ધિમાન-સાહિત્યકારો-વૈજ્ઞાનિક-કલાકારોની આ રીતે આદર સાથે મોટી કદર કરી છે અને સાચી અંજલિ સાથે દેશોમાં 'બૌદ્ધિક'નું મહત્ત્વ દર્શાવ્યું છે.

આજે આપણા દેશના બૌદ્ધિકો પોતાની સંનિષ્ઠાપૂર્કવ કરેલાં કાર્યોના, દેશ-રાજય અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારાં થયેલાં સન્માન-એવોર્ડ-ખિતાબ-સરકારને પરત આપે છે. દેશની કોઈ સંચાલક સંસ્થા દ્વારા ધર્મપરિવર્તન કે ધર્માટનના પ્રયાસરુપ - ધાકધમકી ભર્યાં નિવેદન-અને વર્તનો-દ્વારા જે સંદેશાપૂર્વકનું 'અસહિષ્ણુ' વાતાવરણ સર્જાયું તેનું પરિણામ દેખાય છે.

આમાં રાજનીતિ હોઈ શકે પણ જયાં ધૂમાડો દેખાય ત્યાં અગ્નિની સંભાવના પણ ઓછી નથી જ. નહીં તો કલાકાર-બૌદ્ધિક દેશ છોડવાની હદે વિચારે નહીં.

સુવિચાર

- સ્વચ્છ દૃષ્ટિ આપણને બતાવે છે કે કયાં દૃષ્ટિપાત કરવાની જરુર છે, એ હશે તો આપણે કયારેય નિષ્ફળ નહીં જઈએ - **ભગીની નિવેદીતા**
- બીજાનું કામ સાધે તે સાધુ - **ડોંગરેજી મહારાજ**
- ભભકા ભર્યો આનંદ ક્ષણિક હોય છે, પણ પ્રશાંત આનંદ જ લાંબો ચાલે છે - **પન્નાલાલ પટેલ**
- સત્કાર્યો માનવ હૃદયમાં બાંધેલા કીર્તિ મંદિરો છે - **કાન્તિ ભટ્ટ**
- તરવાનો કે પાર ઉતરવાનો આગ્રહ કે દુરાગ્રહ ન રાખો... પણ માત્ર સતત વહેતા રહો - **રજનીશ**
- માણસ પાસે ન જીવવા માટેનાં અનેક કારણો હોઈ શકે... જીવવા માટે બસ, એક જ કારણ જીવન પોતે - **એસ. ભટ્ટાચાર્ય**

• આજનું ઓષધ : હળદર અને કળી ચૂનો સરખે ભાગે લઈ સોજા કે મૂઢમાર પર લેપ કરવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણે અંધશ્રદ્ધામાં કયાંક સંતે પગલાં કર્યા હોય તે સ્થળે, પગલાં કરી પૂજીએ - કયાંક બેઠા હોય તે સ્થળ-કયાંક વાળની લટ, કયાંક સંતે વાપરેલાં વાસણ, બેઠા હોય તે ખૂરશી, કપડાં રાખી તેના પર મંદિર બનાવી - યાત્રાધામ-બનાવી નાખીએ છીએ. અને એમાં 'ચમત્કારો' ની હવા ફેલાઈ જાય છે. એ સંત-ભગવાને શું બોધ આપ્યો હતો તે કોઈ યાદ નથી કરતું.

હઝરત મહંમદ સાહેબ એક નગરના ચોકમાં - ખજૂરીના ઝાડ નીચે લોકોને બોધ-સત્સંગ-કથા-વાર્તા કરતા હતા. ઘણા લોકો એકત્ર થયા હતા.

એક દિવસ, મહંમદ સાહેબને આવતાં મોડું થયું ત્યારે જોયું કે કેટલાક લોકો સાહેબ જે ઓટલે બેસી બોધ આપતા હતા ત્યાં ખાલી જગ્યાને પણ કુરનીશ કરતા હતા અને વૃક્ષની પ્રદક્ષિણા કરતા હતા...

છેલ્લે દિવસે, હઝરત સાહેબ જવાના હતા ત્યારે લોકોને કહ્યું, હું જાઉં પછી આ ખજૂરીનું ઝાડ અને ઓટલો બધું જ કપાવી સાફ મેદાન કરી નાખજો!

લોકોને આશ્ચર્ય થયું પૂછ્યું - કેમ?

મહંમદ સાહેબ કહે, મેં આપેલો બોધ મહત્ત્વનો છે એ યાદ કરી તેનું આચરણ કરો એ જ મહત્ત્વનું છે. હું નથી ઈચ્છતો કે પ્રતીકોની પૂજા થાય. બેઠક-પગલાંનું મહત્ત્વ નથી.

પવારનો ઘટસ્ફોટ કોને ફળશે?

તંત્રીસ્થાનેથી....

તાજેતરમાં મહારાષ્ટ્રના 'ગ્રેટ મરાઠા' શરદ પવારના અમૃતપર્વની ઉજવણીમાં સોનિયા ગાંધી અને નરેન્દ્ર મોદી - બેઉમાં પવારનાં બેશુમાર વખાણ કર્યા. જેમના શિરે ભ્રષ્ટાચારનો સહેરો બાંધવામાં કોઈ કસર નહોતી છોડી તે જ મોદીએ પવારને ફૂલડે વધાવ્યા. એ વખતે એક એવું અર્થઘટન પણ કરાયેલું કે મોદી એમની સામે પડેલા ઉદ્ધવ ઠાકરેને ગર્ભિત સંદેશો પાઠવવા માટે પવારનાં વખાણ કરતા હોવા જોઈએ. જો કે પવારની 'આત્મકથા' વાંચ્યા પછી સમજાયું કે એમનાં વખાણ પાછળ તો પવારે ગાંધી પરિવાર વિશે કરેલો ઘટસ્ફોટ જવાબદાર હતો! સોનિયા અને મોદીની હાજરીમાં જ થયેલ આત્મકથાના લોકાર્પણ પ્રસંગે આ બેઉ નેતાઓ વચ્ચે જાણે પવારની પ્રશંસામાં કોણ આગળ નીકળી જાય એની હરીફાઈ જામી હતી. પણ પછી જયારે એ પુસ્તકનાં પાનાં ઉથલાવ્યા હશે ત્યારે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને પવારની અસલિયત અને રાજરમતનો અંદાજ આવી ગયો હશે, એટલું જ નહીં - એ સમારોહમાં હાજરી આપ્યા બદલ પસ્તાવો પણ થયો હશે. જોકે પવારે જે કંઈ લખ્યું છે એ પોતીકું સત્ય છે. એમને વડાપ્રધાન બનવું હતું - એ સાર્વજનિક સત્ય હતું. રાજીવ ગાંધીની અણધારી ઍક્ઝિટથી પાર્ટીને ચૂંટણીમાં સહાનુભૂતિનો લાભ મળ્યો હતો અને સોનિયા ગાંધી એવા ઊંડા આઘાતમાં સરી પડ્યાં હતાં કે ૧૦-જનપથનાં નજદીકી વર્તુળો એમને આગળ આવવાની દરખાસ્ત લઈને આવ્યાં ત્યારે એમણે છાકોટો કરીને એમને ધુતકારી કાંઢ્યા હતા. યુવાન પતિની હત્યા પછી હવે એ પોતાનો અને બે સંતાનો - રાહુલ તથા પ્રિયંકાનો જીવ જોખમમાં મૂકવા તૈયાર નહોતા. આ ૧૦-જનપથના શુભેચ્છક વર્તુળોમાં નહોતા નરસિંહ રાવ કે નહોતા પવાર. એ આખું કમઠાણ મધ્યપ્રદેશના વિચક્ષણ રાજવંશી નેતા અર્જુનસિંહ, કાશ્મીરી પંડિત માખનલાલ ફોતેદાર અને ગાંધી પરિવારના વિશ્વાસુ કર્મચારીઓ આર.કે. ધવન તથા વી. જયોર્જની મંડળીએ ચલાવ્યું હતું. આટલો ઈતિહાસ તો જગજાહેર છે. પરંતુ જયારે સોનિયાએ છાસિયું કર્યું ત્યારે સૌ પહેલાં મરાટા સરદાર શરદ રાવે જ એમની પડખે રહેવાનું નાટક કર્યું હતું : સોનિયાજીને નાહક પરેશાન ન કરો. એમને આવા શોકના સમયે આપણા સ્વાર્થ ખાતર પજવીએ તે બરાબર નથી. મૂળે અર્જુનસિંહ અને શરદ પવાર - બેઉ વડાપ્રધાનપદનો સેહરો પોતાના માથે બાંધવા થનગની રહ્યા હતા. પરંતુ આંધ્રના નેતા પી.વી. નરસિંહ રાવ સિનિયર હતા અને એમને કયારેક વડાપ્રધાન બનવાની ઈચ્છા પ્રગટ કરી નહોતી. અર્જુનસિંહ હિંદી પટ્ટાના નેતા તરીકે અને પવાર મહારાષ્ટ્ર ઉપરાંત દક્ષિણ ભારત તેમ જ ગુજરાતમાં સ્વીકૃતિ મેળવવાની ક્ષમતા ધરાવતા હતા, એની સામે નરસિંહ રાવ પાસે દક્ષિણ ભારત સિવાય કોઈ ગ્રાઉન્ડ નહોતું. વળી એમને તો નિવૃત્તિ પણ જાહેર કરી દીધી હતી અને એમના અધિકૃત નિવાસ ૯, મોતીલાલ નહેરુ માર્ગ પરથી ટ્રકો ભરીને સામાન પણ હૈદાબાદ ખસેડી લીધો હતો. સ્વાભાવિક રીતે જ ગાંધી પરિવારને સૌથી ઓછા નડે એવા અને વયોવૃદ્ધ - બિનવિવાદાસ્પદ નેતા નરસિંહરાવ હતા. આપણા માધવસિંહ સોલંકી આ ઘટનાના સાક્ષી છે. પવાર ગમે તેટલા ધમપછાડા કરે તો પણ અર્જુનસિંહ એમને વડાપ્રધાન બનવા ન જ દેત. હવે જયારે એમનું રાજકારણ સમાપ્તિના આરે છે ત્યારે એમને ગાંધી પરિવાર માટે પોતે અળખામણા હતા, તેનો ખુલાસો કરીને નરેન્દ્ર મોદીને લીલી ઝંડી જ આપી દીધી છે.

કેન કુળ-સુંદરતા અને ઊંચાઈ ધરાવતાં પક્ષીઓનું કુળ

અંગ્રેજી શબ્દ કેન (Crane) નો શુદ્ધ ગુજરાતી અર્થ ઉંટડો થાય છે. આપણે તેને બગડેલા વાહનો ઉપાડવા - ખસેડવા આવતાં મશીનથી વધુ જાણીએ છીએ. આપણે અહિંયા જયારે કેન કુળના પક્ષીઓની વાત કરીએ છીએ ત્યારે આ કુળના પક્ષીઓની મુખ્ય ખાસિયત તેમની ઊંચાઈ જ છે અને તેના આધારે આ નામ રખાયું છે.

કેન કુળના પક્ષીઓ બગલા (Heron) અને ઢોંક (Storks) કુળના પક્ષીઓની જેમ જ લાંબી ચાંચ, લાંબી ડોક અને લાંબા પગ ધરાવે છે પરંતુ તે તેમનાથી અલગ જનીનિક તફાવત ધરાવે છે. કેન કુળને ૪ વર્ગ (Genera) માં વહેંચવામાં આવેલ છે અને તેની વિશ્વમાં ૧૫ પ્રજાતિઓ છે. એન્ટાર્કટિકા અને દક્ષિણ અમેરિકા સિવાયના અન્ય તમામ ખંડોમાં તે જોવા મળી શકે છે.

કેન કુળના પક્ષીઓમાં વધુમાં વધુ ઊંચાઈ ધરાવતું પક્ષી સારસ કેમ છે. જેની ઊંચાઈ ૧૫૬ સેન્ટીમીટર જેટલી છે. વિશ્વમાં ઊડી શકતાં પક્ષીઓમાં સારસ કેન પક્ષી વધુમાં વધુ ઊંચાઈ ધરાવતું પક્ષી છે. સારસ પક્ષી આપણા દેશ ભારતનું સ્થાનિક રહેવાસી પક્ષી છે એ એક ગૌરવની વાત છે. જયારે કુંજ કુળના પક્ષીઓમાં ઓછામાં ઓછી ઊંચાઈ ધરાવતું પક્ષી કરકરા (Demoiselle Crane) છે જે ૯૦ થી ૧૦૦ સેન્ટીમીટર જેટલી ઊંચાઈ ધરાવે છે. આ પક્ષી પણ આપણાં ભારત દેશમાં શિયાળું યાયાવર પક્ષી તરીકે મહેમાન બને છે.

પૂર્વીય એશિયામાં ૮ જાતિની અને આફ્રિકામાં ૫ જાતિની કેન જોવા મળે છે. ભારતમાં જોવા મળતી ૫ પ્રકારની કેનમાં ડેમોસલ, સાઈબેરીયન, બ્લેક નેક્ડ, કોમન અને સારસ કેન છે. જેમાં કુંજ (Comman) યુરોપ-મધ્ય એશિયાથી અને કરકરા (Demoiselle) સાઈબેરિયામાંથી આવે છે. યુરેશિયન કેન ૮૦ જેટલા દેશોમાં જોવા મળે છે. સેન્ડ હીલ કેન્સૂની સંખ્યા સહુથી વધુ છે જે અંદાજે ૬,૫૦,૦૦૦ જેટલી થાય છે. વુપીંગ, ફ્લોરીડા, સેન્ડ હીલ, સાઈબેરીયન, મીસીસીપ્પી સેન્ડ હીલ જેવા કેન કુળના પક્ષીઓની જાતિઓ આજે એન્ડેન્જર્ડની જાતિઓમાં મુકવી પડેલ છે. જેમાં વુપીંગ કેન ફક્ત ૫૦૦ જેટલી જ બચવા પામેલ છે.

કાદવીયા, જલીય અને સપાટ વિસ્તારોમાં રહેવું પસંદ કરતાં આ કુળના પક્ષીઓ મોટાભાગના રાત્રિ દરમિયાન છીંછરા પાણીમાં રોકાણ કરે છે. બપોરના સમયે પણ તેં નદી, તળાવ, સરોવર કે સમુદ્રકાંઠે પોતાની ડોક પીઠ પર ડાળીને વારાફરતી એક પગ પર ઊભા રહીને આરામ કરતાં જોવા મળે છે. આફ્રિકામાં જોવા મળતી બે જાતિની કેન વૃક્ષો પર રાત્રિ વિરામ કરે છે.

છીંછરા જલીય તથા કાદવીય વિસ્તારોમાં કેન ઘાસ-વેલા જેવી વનસ્પતિની મદદથી પ્લેટફોર્મ જેવો માળો બનાવે છે. બે જેટલાં ઈંડા મુકે છે. મા-બાપ બચ્ચાની કાળજી લે છે. કેટલીક જાતિના બચ્ચાં રાત્રિ દરમિયાન ઉભા ઉભા ઊંઘી શકે છે. બચ્ચાં ૩ થી ૫ વર્ષે પુખ્ત થાય છે. કેન કુળમાં સરેરાશ આયુષ્ય ૨૦ થી ૩૦ વર્ષનું હોય છે. બંધનાવસ્થામાં 'વોલ્ફ' નામનું સાઈબ્રેરીયન કેન પક્ષી ૮૩ વર્ષ જેટલું જીવ્યાનું નોંધાયું છે.

મોટા ભાગના કેન કુળના પક્ષીઓ ટોળામાં એટલે કે સમુહચારી છે. એવું મનાય છે કે કેન તેમાં પણ સારસ કેન નર-માદાની જોડી કાયમી એટલે કે તે એક પત્ની ધારી (Monogamous) છે. પરંતુ હાલના એક સંશોધન મુજબ આ વાતમાં સત્ય ન હોવાનું જાણવા મળ્યું છે.

કેન કુળ સંવનન સમયે ખાસ કરીને નર પક્ષી માદા સામે બંને પગ, ડોક, ચાંચ, માથું હલાવીને, ખેંચીને, કુદીને સુંદર, કલાત્મક સંવનન નૃત્ય કરે છે. જે દર્શનીય બને છે. ભય સમયે કે અંદરો-અંદર તેમના મોટા રણસીંગા જેવા અવાજથી સંદેશા પાઠવે છે. તેમાં શરીરની જેવા અવાજથી સંદેશા પાઠવે છે. તેમાં શરીરની ભાષા (Body Language) થી પણ સંદેશા મોકલાય છે. આ પક્ષીનો અવાજ ૨ કિલોમીટર દૂર સુધી સાંભળી શકાય છે.

કેન પક્ષીઓ લાંબા અંતરના સ્થળાંતરણો કરે છે. જેમાં સાઈબેરીયન કેન ૧૦,૦૦૦

અનુસંધાન પાના નં. ૭ પર

હર એક શ્વાસમાં લેવાતું કાતીલ ઝેર...!!!

તમને ખબર છે હાઈ બ્લડપ્રેસર, કુપોષણ અને તમાકુજન્ય રોગો જેવાથી દેશમાં મૃત્યુ પામતા લોકો પછી સૌથી વધુ લોકો શેના દ્વારા થતા રોગોથી મરે છે ? જવાબ : વાયુ પ્રદુષણથી થતા રોગો ને લીધે. જી હા...દેશમાં દર વર્ષે અંદાજે સાડા છ લાખ લોકો પ્રદુષણના આ દાનવના શિકાર બને છે અને આ આંકડો વર્ષ ૨૦૦૦ના મુકાબલે છ ગણો મોટો છે અર્થાત દિનપ્રતિદિન વાયુપ્રદુષણથી મારનાર લોકોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. ૧૯૯૬માં આની ઝપેટમાં આવનારની સંખ્યા ફક્ત ૪૦૦૦૦ હતી જે ૨૦૦૦માં એક લાખ અને હવે છ લાખ ઉપર પહોચી ગઈ છે. વિકાસ અને પ્રગતિની આ પણ એક સાઈડ ઈફેક્ટસ છે અને કરુણતા એ છે કે વાયુ પ્રદુષણની આ ભયાનક નાગચૂડ ધીરે ધીરે સમગ્ર હિન્દુસ્તાન પર પોતાનો કાળમુખો ઓછાયો પાથરતી જાય છે.

પહેલા હવામાં ફક્ત ધૂળની માત્રા વધુ રહેતી પણ વધતા ઔધોગીકરણ અને વિકાસની તેઝ રફતારના ના પુણ્ય પ્રતાપે આજે એ સ્થિતિ છે કે હવામાં ધૂળ સિવાય ખતરનાક હાનીકારક વાયુઓનું પ્રમાણ વધતું ચાલ્યું છે. વધતા કારખાનાઓ અને વાહનો ની સંખ્યામાં બેફામ વધારો એ વાયુ પ્રદુષણ નું મુખ્ય કારણ છે એમાં હા પાડવી જ રહી. તમારા શહેરની સડકો પર દોડતા વાહનો નાઈટ્રોજન ઓક્સાઈડ, સલ્ફર, કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરીલા વાયુઓ હવામાં ફેંકતા રહે છે સરવાળે વાયુમાં કચરાની માત્ર વધતી જાય છે અને શ્વાસે શ્વાસે એક ધીમું ઝેર આપને સૌ ફેફેસામાં ભરતા જઈએ છીએ અને પરિણામે દમ અને શ્વાસ ની બીમારીઓ થી પીડાતા લોકો અને એને હિસાબે મૃત્યુ પામતા લોકોના આંકડામાં ચિંતાજનક રીતે વધારો થતો ચાલ્યો છે.આગળ આપણે જે શહેરની વાત કરવાના છીએ એ દિલ્હી એકલામાં જ ૧૧ હજાર બાળકો એવા છે જે ફેફસાના રોગની સારવાર કરાવી રહ્યા છે અને વધુ ચોકાવનારી વાત એ છે કે આ ૧૧ હજાર બાળકોની ઉમર સરેરાશ ફક્ત ૩ જ વર્ષ છે...!! છે ને દુખદ...!!



હજુ ગયા અઠવાડીએ જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સમાં પર્યાવરણ સબંધી એક સેમિનારમાં દુનિયાને પ્રદુષણથી બચવા પર ચિંતા વ્યક્ત કરી રહ્યા હતા પણ હકીકત એ છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને હમણાં જ કરેલા એક સર્વે મુજબ વિશ્વના સૌથી વધુ પ્રદુષિત ૨૦ મહાનગરોમાં ૧૩ એકલા ભારતમાં જ છે. છે ને કપાળ પર ચિંતા ની લકીરો ઉપસી આવે એવા સમાચાર. WHO એ દુનિયાના ૯૧ દેશોના ૧૬૦૦ શહેરોમાં એક સર્વે કરાવ્યો કે કયું શહેર વધુ પ્રદુષિત છે અને એલાર્મિંગ બેલ એ છે કે મોસ્ટ પોલ્યુટેડ ૨૦ શહેરોમાં આપણા ૧૩ શહેરો શામિલ છે અને એમાંનું એક અને સૌથી વધુ પ્રદુષિત શહેર એટલે આજકાલ ઓડ-ઈવનના ચક્કરમાં સુખીયોમાં ચમકતું દિલ્હી છે. યસ દિલ્હી ભારતનું તો ખરું જ પણ સમગ્ર દુનિયામાં સૌથી વધુ પ્રદુષિત શહેર છે - કમ સે કમ વાયુ પ્રદુષણના મામલામાં તો ખરું જ. સવારે વર્ષોથી નિયમિત દિલ્હીની સવારે દોડવા નીકળતા અનેકો લોકો છેલ્લા એકાદ-બે વર્ષોથી હવામાં વધતી જતી પ્રદુષણની માત્રાને શરીર પર અનુભવી રહ્યા છે. હર શિયાળાની સવારે દિલ્હી પર પથરાતા ઘના કોહરાના બાદલમાં અને ખાસી કે થુંક સાથે નીકળતા કાળા પદાર્થોમાં ખાવા દોડતું જીવલેણ પ્રદુષણ તરત જ ઓળખાય જાય છે.

મીડિયાની માથાકૂટ અને પછી કોર્ટની ફટકાર પછી દિલ્હી સરકારે અત્યારે તો ઓડ-ઈવનના નામે પ્રદુષણથી બચવાના હવાતિયા મારવાનું શરુ કર્યું છે પણ લગભગ બે કરોડની વસ્તીવાળા દિલ્હીમાં આ યોજના કેટલી અને કેમ લાગુ થશે અને થશે તો કેટલી સફળ થશે એ તો સમય જ બતાવશે પણ પ્રદુષણના ભયંકર ખેલથી માનવજાતને બચાવવા અંગે વિચારવાનો સમય પાકી ગયો છે. દિલ્હીના વાયુમાં પ્રદુષણની માત્રા માટે જવાબદાર આમ તો બે જ પરીબળ છે - એક તો ધૂળ અને બીજું વાહનોમાંથી નીકળતો ગેસ. ઓડ-ઈવન સિવાય પણ દિલ્હી સરકારે પ્રદુષણ ઘટાડવા બીજા ઉપાયો વિચાર્યા છે જેવાકે ઈલેક્ટ્રિક સાધનોને બંધ રાખવા, રસ્તાઓની સફાઈ વેક્યુમ ક્લીનરોથી કરવી, ટ્રકોને દિલ્હીમાં આવતા રોકવા કે પછી અમુક સ્થળો પર નો-પાર્કિંગ રાખવું. જો કે આ ઉપાયો કેટલા કારગત નીવડે છે એ હજુ જોવું બાકી છે અને જો આ કારગત નાં નીવડે તો યુરોપ અને ચીન જેવા દેશો પાસેથી કોઈક શીખ લેવી રહી કે જ્યાં પણ પ્રદુષણનું સંકટ લગભગ ગંભીર જ છે.

ઈનફેક્ટ દિલ્હીમાં જ્યારે પ્રદુષણથી બચવાના ઉપાયો અંગે વિચારણા ચાલતી હતી ત્યારે જ ચીનની રાજધાની બેજીંગે તો ઓલરેડી 'રેડ એલર્ટ' જાહેર કરી જ દીધો. યસ દિલ્હી કરતા વધુ આબાદી ધરાવતા ચીનના આ પાટનગર પર પણ પ્રદુષણનું જોખમ સૌથી વધુ છે. બીજીંગમાં એક દિવસ માટે સ્કૂલો બંધ કરી દેવાય, અમુક ઉદ્યોગોમાં રજા રાખવાનો હુકમ કરાયો, સરકારી ગાડીઓ ઓછી બહાર કઢાઈ. જો કે આવું યુરોપના દેશોમાં પણ થઇ રહ્યું છે. નોર્વેની રાજધાની ઓસ્લો તો ૨૦૧૯ સુધીમાં કોઈ પણ ખાનગી કારને ઓસ્લોમાં પ્રવેશવા જ નહિ દેવાનું મન બનાવી ચુક્યું છે. મિલાન (ઈટલી)માં લોકોને પગપાળા અથવા સાઈકલ વાપરવા માટે પ્રેરિત કરાઈ રહ્યા છે તો ડબ્લીનની રાજધાની આયર્લેન્ડ ૨૦૧૭ સુધીમાં શહેરના મોટાભાગના હિસ્સાઓને કાર માટે પ્રતિબંધિત કરવાની યોજના બનાવી ચુક્યું છે. મેડ્રીડ (સ્પેન)માં પોતાનું પાર્કિંગ સ્પેસ ના હોય એવા અને જે ડ્રાઈવરો મેડ્રીડના હોય નહિ એવા કારચાલકોને પ્રવેશવાની મનાઈ ફરમાવી દીધી છે. બ્રિટને મકાનો બનાવનારાઓને એ શરતે જ મંજુરી આપવાની શરુ કરી છે કે બનનારા મકાનોમાં પ્રદુષિત હવા ઓછામાં ઓછી ઘુસ્વી જોઈએ.

વિશ્વ ક્યારનું જાગૃત થઈ ગયું છે, આપણે હવે જાગ્યા છીએ પણ હજુ ગંભીર નથી થયા. ડોકટરોનું માનવું છે કે દેશમાં જન્મતા પ્રી-મેચ્યોર બાળકોની સંખ્યા વધવા પાછળ પણ એક કારણ શ્વાસમાં થઈને ગર્ભમાં જતી પ્રદુષિત હવા જ છે. વિકાસ અને ઉદ્યોગોને તો રોકી શકવા શક્ય નથી કેમકે એના થકી તો દેશની પ્રગતી છે પણ પર્યાવરણની વધુમાં વધુ જાણવણી અને શક્ય એટલું હવામાં છોડાતા ઝેરી પ્રદુષણને નિયંત્રિત કરવું જ એકમાત્ર ઉકેલ છે. વધુમાં વધુ પબ્લિક ટ્રાન્સપોર્ટ કે સાઈકલનો ઉપયોગ કરવાના દિવસો આવી ગયા છે. અમદાવાદ જેવા શહેરમાં પણ કોઈ પણ ટ્રાફિક સિગ્નલે ઉભા રહો તો વાહનોમાંથી નીકળતા ધુમાડાથી તમારી ચામડી રીતસર જલી ઉઠશે. સરકાર અને સમાજે સંકલિત ભાગીદારી અને પૂરી ગંભીરતા સાથે હવામાં ઠલવાતા આ ઝેર સામે લડત ચલાવવી પડશે નહિતર એ દિવસ દુર નથી જ્યારે એક એક શ્વાસમાં ફક્ત ઝેર જ ઝેર ફેફસામાં ઠલવાશે...!!!

વિસામો :

વિશ્વના ટોપ ટ્વેંટી પ્રદુષિત શહેરોમાં ભારતના ૧૩માથી દિલ્હી સિવાયના ૧૨ શહેરો આ રહ્યા : પટના, ગ્વાલિયર, રાયપુર, લખનૌ, ફિરોઝાબાદ, કાનપુર, અમૃતસર, લુધિયાણા, ખન્ના, આગ્રા, અલ્હાબાદ અને આપણું પોતાનું અમદાવાદ....!!!

-akurjt@gmail.com

હે પ્રિયે, ફેસબૂક અને વૉટસપથી પણ વિશેષ હું તને ચાહું છું

હે પ્રિયે, આજે સાંજે મેં જાણ્યું કે તારા પપ્પાએ તારી પાસેથી આજ સવારે તારો મોબાઈલ લઈ લીધો છે. ઘડીભર તો થયું કે તારે ઘેર આવીને તારા જ પપ્પાનો મોબાઈલ ચોરી લઉ અને તને એ મોબાઈલ ગીફ્ટ કરું. પણ પછી થયું કે ના ના, ખોટી ઉતાવળ શા માટે કરવી જોઈએ?

હે પ્રિયે, મને તારી ચિંતા થાય છે. હવે મોબાઈલ વિના તું કેવી રીતે જીવી શકીશ? જેમ આઈ.એ.એસ ઓફિસરને સરકાર અચાનક બરતરફ કરી દે અને એમની જેવી સ્થિતિ થાય તેવી સ્થિતિ અત્યારે તારી હશે એ હું સમજી શકું છું. પણ તું સહેજેય ચિંતા ના કરતી, તારા ઘણા બધા કૉન્ટેકસ મારી પાસે છે એ બધાને હું તારી સહેજે ય ખોટ નહી પડવા દઉ. એમાંય ખાસ કરીને તારી કૉલેજની જે બધી જ ફ્રેન્ડ્સ છે - હું એ બધા માટે ટાઈમ સ્પેર કરીશ. તારે કેટલા બધા સંપર્કો હતા, વોટ્સપ, ફેસબૂક, ટ્યુટર, સ્કાયપી, ઈમેલ, ઈન્ટરનેટ વિના તો તને રાત્રે ઊંઘ નહી આવતી હોય, અને તારો મોબાઈલ જવાથી મારા સહિત બીજા કેટલાયને રાત્રે ઊંઘ પણ નહી આવે.

ડિયર, આજે સવારે જ તારા એક ફેસબૂક ફ્રેન્ડ્સે તારા એક ફોટા નીચે કૉમેન્ટ્સ પણ કરેલી કે ''ડાર્લિંગ, કેમ રાત્રે વાત નથી કરતી, નારાજ છે? કાલે સાંજે મેકડોનાલ્ડમાં મળીશું? તને પીઝા ખવડાવીને તારી નારાજગી દૂર કરીશ. બસ.'' આ લખનાર ચિરાગ કોણ છે? કાલે તું ત્યા ના જતી તારી બદલે હું જઈશ અને એનો ચિરાગ હું બુઝાવી દઈશ. આવું જાહેરમાં લખતા એને શરમ નથી આવતી? અને તું પણ આવાને કશુંય નથી કહેતી? તારી એક દિવસ પહેલા મૂકેલી પોસ્ટ મેં જોઈ ''હાય ફ્રેન્ડ્સ, ગુડ નાઈટ'' તારા આટલા વાક્ય નીચે સાડા ચાર હજાર લાઈક્સ અને ત્રણ હજાર છસો કોમેન્ટ્સ... અધધધ... વાહ, બાકી મે ગયા મહિને બીજી ઓક્ટોબર ગાંધીજીના જન્મ દિવસે તેમનો ફોટો અને '' વૈષ્ણવજન તો તેને રે કહીએ'' નરસિંહ મહેતાનું ભજન લખીને મૂક્યું તો પણ ગાંધીજી, નરસિંહ અને મને - અમને ત્રણેયને સંયુક્ત રીતે માંડમાંડ પાત્રીસ જેટલા લાઈક્સ અને આઠેક કૉમેન્ટ્સ મળ્યા. ત્યારે મને સમજાયું કે ગાંધીજીના ફોટા અને નરસિંહના ભજન કરતા તારું ''ગુડ નાઈટ્સ'' કેટલું મહત્વનું છે. કેટલું મહાન છે. તું અને તારા ફેમિલી ગયા મહિને દરિયા કિનારે ફરવા ગયેલા અને દરિયા સ્નાન વખતે પાડેલા વીસેક ફોટાનું આલબમ તે ફેસબૂક ઉપર અપલોડ કરેલું. જેમાં મોટા ભાગના ફોટામાં તું અડધી દરિયાના પાણીમાં અને અડધી બહાર ભીંજાયેલી દેખાય છે. એ ફોટાની નીચે પણ ત્રણેક હજાર કોમેન્ટ્સ વાંચી જેમાંથી બે ચાર અહીં મૂકું છું. (૧) હાય ડિયર, દરિયો કેટલો નસીબદાર છે? (૨) કાશ, હમ ભી પાની હોતે (૩) એકદમ જક્કાસ, હોટ લાગે છે (૪) દરિયા મે લગી આગ... આવી અનેક કોમેન્ટસ છે. એ બધા ફોટામાંથી એક ફોટામાં તું અને તારી આસપાસ તારા બન્ને ભાઈઓ અને એમના ત્રણ મિત્રો વચ્ચે તું ઊભી છે. એ ફોટા નીચે પણ બે હજારથી વધુ કૉમેન્ટ્સમાંથી થોડી અહીં લખું છું (૧) હાય દ્રોપદી, આ પાંડવોનો પરિચય તો આપ. (૨) કાશ ઈન પાંચો મેં હમ ભી હોતે, (૩) કળિયુગની દૌપદી અને પાંચ પાંડવ... છેલ્લે છેલ્લે તો ઘણી કોમેન્ટ્સ એવી હતી કે જે અહીં લખાય એવી નથી. હે પ્રિયે, આવા ફોટા તું શા માટે અપલોડ કરે છે એ જ મને નથી સમજાતું. શું તને આવી કૉમેન્ટ્સ ગમે છે? હું જાણું છું કે એ ફોટામાં તારા બન્ને ભાઈઓ અને તેમના મિત્રો જ છે અને તમારે બધાને હોમલી રિલેશન છે પણ લોકોને થોડી ખબર હોય કે...? હું એ પણ જાણું છું કે તું લોકોની પરવા કરે એવી નથી. પણ તને નથી લાગતું કે આપણે લોકોની પરવા કરવી જોઈએ? અને તારા મમ્મી પપ્પાની ઈજ્જતનું શું? મને લાગે છે કદાચ એટલે જ તારા પપ્પાએ તારો મોબાઈલ લઈ લીધો હશે. દરિયા વાળા ફોટામાં અમુકમાં તો તારા મમ્મી પપ્પાના ફોટા નીચે પણ ના લખાય કે ના વાંચી શકાય એવી કૉમેન્ટ્સો હતી. શું આવું તને ગમે છે?

હે પ્રિયે, ફેસબૂક જાહેર માધ્યમ છે. એનો ઉપયોગ ખુબ જ સમજી વિચારીને કરવો જોઈએ અને છતાંય જો તું સમજ્યા વિના - વિચાર્યા વિના આવા ફોટા અને આવું લખાણ અપલોડ કરતી હોઈશ તો ''વોટ્સપ'' તો એકદમ પ્રાઈવેટ છે. તો એમાં તો તું બધાની સાથે કેવી રીતે વાતચીત કરતી હોઈશ? બધા તને કેવું કેવું લખતા હશે અને તું કેવા કેવા જવાબો આપતી હોઈશ? આપણે પણ દરરોજ લગભગ રાત્રે એક વાગ્યા સુધી કેવી કેવી વાતો વોટ્સપ પર કરીએ છીએ એ તું પણ જાણે છે તો બીજાની સાથે તું...?? હું તારી ઉપર શંકા નથી કરતો, હું તને સાચા દિલથી ચાહું છું અને આપણે બન્ને લગ્ન પણ કરવાના છીએ. એ તું પણ જાણે છે. પરંતુ મારે તને મારા મનની વાત કહેવી તો ખરીને? હું જાણું છું મ